# 2504E401

Candidate's Seat No :________

**M.A. Semester-3 Examination**
**505-EA Gujarati**
**(લોકસાહિત્ય)**

Time : 2-30 Hours] **April-2025** [Max. Marks : 70

સૂચના : (૧) દરેક પ્રશ્નનાં ગુણ સમાન છે.
(૨) બધા જ પ્રશ્નો ફરજિયાત છે.

૧ 'લોકવિદ્યા' સંજ્ઞા સમજાવી લોકવિદ્યાની વિભાવના સ્પષ્ટ કરો. ૧૪

**અથવા**

૧ લોકવિદ્યાના વિવિધ પ્રકારો વિશે નોંધ તૈયાર કરો. ૧૪

૨ લોકસાહિત્ય એટલે શું? લોકસાહિત્યની લાક્ષણિકતાઓ વિશે વિગતે ચર્ચા કરો. ૧૪

**અથવા**

૨ લોકસાહિત્ય અને અભિજાત સાહિત્ય વચ્ચેની ભિન્નતા સદ્દષ્ટાંત ચર્ચો. ૧૪

૩ લોકસાહિત્યના સંશોધક પાસે કેવા પ્રકારની સજ્જતા હોવી જોઈએ? વિસ્તૃત નોંધ લખો. ૧૪

**અથવા**

૩ નોંધ લખો (બન્ને) :
(૧) લોકસાહિત્યના સંશોધનની સમસ્યાઓ (૨) લોકસાહિત્યમાં શિષ્ટ-અશિષ્ટ ભાષાનો પ્રશ્ન. ૧૪

૪ લોકગીતોના વિષયવૈવિધ્યની દૃષ્ટિએ 'રઢિયાળી રાત' સંગ્રહના ગીતોનું મૂલ્યાંકન કરો. ૧૪

**અથવા**

૪ સ્વરૂપ વૈવિધ્યની દૃષ્ટિએ 'રઢિયાળી રાત' સંગ્રહના ગીતોની સમીક્ષા કરો. ૧૪

૫ નીચેનામાંથી કોઈપણ સાત પ્રશ્નોના યોગ્ય વિકલ્પ શોધી ઉત્તર આપો. : ૧૪

(૧) 'Folklore' સંજ્ઞા સૌપ્રથમ કોણે પ્રયોજી હતી?
(અ) વિલ્હેમ ગ્રીમ (બ) જેકબ ગ્રીમ (ક) સર વિલિયમ જ્હોન ટોમસ (ડ) આર્ચ ટેટલર

(૨) નીચેના પૈકી કોનો લોકવિદ્યામાં સમાવેશ થતો નથી.
(અ) લોકકસબ (બ) લોકગીત (ક) લોકસંગીત (ડ) નવલકથા

(૩) 'લોકવિદ્યાવિજ્ઞાન' પુસ્તકના લેખકનું નામ જણાવો.
(અ) શાંતિભાઈ આચાર્ય (બ) પુષ્કર ચંદરવાકર (ક) હસુ યાજ્ઞિક (ડ) કનુભાઈ જાની

(૪) 'સોરઠી બહારવટીયા' પુસ્તકના સંપાદક કોણ છે?
(અ) દુલેરાય કારાણી (બ) ઝવેરચંદ મેઘાણી (ક) ગિજુભાઈ બધેકા (ડ) જયતિલાલ પરમાર

(૫) 'ગુજરાતના લોકગીતો' સંગ્રહના સંપાદકનું નામ જણાવો.
(અ) ખોડીદાસ પરમાર (બ) ઝવેરચંદ મેઘાણી (ક) પુષ્કર ચંદરવાકર (ડ) દુલા ભાયા કાગ

(૬) 'કચ્છ પ્રદેશનું લોકસાહિત્ય'ના સંપાદકનું નામ જણાવો.
(અ) દુલેરાય કારાણી (બ) દુલા ભાયા કાગ (ક) પુષ્કર ચંદરવાકર (ડ) ઝવેરચંદ મેઘાણી

(૭) 'લોકસાહિત્ય એ બોલાતી જનવાણીનો નિચોડ છે' - અભિપ્રાય કયા વિદ્વાનનો છે?
(અ) બ. ક. ઠાકોર (બ) ક. મા. મુનશી (ક) ઝવેરચંદ મેઘાણી (ડ) મનુભાઈ પંચોલી

(૮) 'મેંદી તે વાવી માળવે એનો રંગ ગિયો ગુજરાત' લોકગીતનો વિષય કયો છે?
(અ) દેર-ભોજાઈનું ગીત (બ) બાળગીત (ક) વિનોદ-મજાકનું ગીત (ડ) દામ્પત્ય સ્નેહ

(૯) 'લવિંગ કેરી લાકડીએ રામે સીતાને માર્યા જો!' કયા ગીતની પંક્તિ છે?
(અ) ચાંદલિયો (બ) સંતાકૂકડી (ક) આંબો (ડ) ભવના અબોલા

(૧૦) 'લોકગીત પ્રેમી પ્રાણની જનેતા'નું બિરુદ ઝવેરચંદ મેઘાણીએ કોને આપ્યું હતું?
(અ) ઢેલીબેન (બ) જીવીબેન (ક) મોંઘીબેન (ડ) કેસરબેન

(૧૧) 'લોકવાङ्मય' ગ્રંથના લેખકનું નામ જણાવો.
(અ) શાંતિભાઈ આચાર્ય (બ) હસુ યાજ્ઞિક (ક) બળવંતરાય જાની (ડ) કનુભાઈ જાની

(૧૨) 'ભીલોનું ભારથ'ના સંપાદકનું નામ જણાવો.
(અ) શાંતિભાઈ આચાર્ય (બ) રેવાબેન તડવી (ક) ભગવાનદાસ પટેલ (ડ) વીરચંદ પંચાલ